૨૫૪૪

સુચના.

સ્ત્રીએ પોતાનો ધર્મ કેવી રીતે સાચવવો ને તેથી શા શા ફાયદા ય છે તે આ સ્ત્રીવ્રતમાં સુચવેલું છે.

ઘરસુત્ર શોભાવનારી અને ચલાવવાના કામમાં સ્ત્રી જાત ઉત્તમ છે, અને ાથી ઘરની આબરૂ રહે છે. પણ સ્ત્રીએ પોતાનો ઘર સંસાર કેવી રી ચલાવવો જોઇએ એનું પુરતું જ્ઞાન મેળવવું યોગ્ય છે; એમને તેમ ાં માબાપે બાળપણમાં કેળવણી લેવરાવવી જોઇએ. આપણી હીંદુ જ્ઞાતીમાં બિચારી અબળાને એમનાં વેહેમી માબાપ નિશાળે મુકતાં નથી તેથી તેઓ અજાણ સ્થિતીમાં હોઈ મોટપણે વેહેમોમાં કુટાઈ પોતાની જીંદગી મહા મહા સંકટોમાં કાઢે છે. જો પુરૂષ સદગુણી હોય અને સ્ત્રી મુરખ હોય તો તેમનું ઘર સંસાર ચલાવવામાં હરકત પડશે; દરેક માબાપે પોતાનાં બાળને નિશાળે અવશ્ય મુકવાં જોઇએ, અને સુનિતીની કેળવણી શીખવ્યાથી તેમને કશી હરકત પડનાર નથી. હાલમાં ઇશ્વરી ઇચ્છા અને બ્રિટીશ રાજ્યની કેળવણીની રીતભાત દેખી સ્ત્રી વર્ગને વિદ્યાાસ કરાવે છે તે ઘણો સંતોષ કારક છે. જ્યારે તે ઉમરે થાય ત્યારે તેને લાયક વર સાથે તેનાં માબાપે પરણાવવી જોઇએ. તો બંને જોડ જાતે સુખી થશે ને આ દુનિયામાં તેમની કીર્તિ ફેલાશે. મુળથી સ્ત્રી કેળવણી સારા પાયાપર ચણેલી હશે તો તનું સારૂં ફળ થશે. જેમ જેમ કેળવણી લેશે તેમ તેમ તેનાં કઠોર* મન પલળશે. અને તે નિતીના ઘરમાં આવશે. હાલમાં મોટી સ્ત્રી હોય ને તે અભણ હોય તો પુરૂષે તેને સ્ત્રી કેળવણીની ચોપડીઓ વાંચી સંભળાવવી જોઇએ, કેમકે સાંભળેથી સમજણ આવીને તેણીનું કઠોર મન પોતાની ખાંપણો સમજી શકે. આ ચોપડીની દરમીયાન સ્ત્રીએ પોતાની બાલ્યાવસ્થાથી તે પોતાની જીંદગી પર્યંત કયા નિયમો પાળી વર્તવું તે દર્શાવેલું છે.

છેવટે આ મારા પેહેલા યત્નમાં સુજ્ઞ જનોને મારી વિનંતિ છે કે મેં અલ્પ જ્ઞાનથી આ નાની ચોપડી રચી પ્રગટ કરી છે. તેમાં ભૂલ ચુક હશે તો તે સુધારી વાંચશો.

લી. સેવક.
પ્રા. સુ. ભટ્ટ.

---

* સમજણ વિનાનાં.

स्त्री वृत.

ईश्वर स्तुति,

વસંતતિલકા વૃત.

દાતા દયાળ જગનો જન પાળનાર,
જીવે બધા તુજ વડે સુખ આપનાર;
ભાળી દુ:ખી જન સદા દુ:ખથી ઉગાર;
જાચું પ્રભુ તુજ કને કર બોધ સાર. ૧
ઉગાર પામર જનો પ્રભુ ઝાલી હાથ,
પુરા કરો મન તણા સહુ કોડ નાથ;
લાવી દયા દિલ વિશે કરીને વિચાર,
જાચું પ્રભુ તુજ કને કર બોધ સાર. ૨
સંસાર સાગર વિશે સુમતિ તું આપ,
આ દાસનાં દુ:ખ બધાં કિરપાથી કાપ;
તું વાર મારી જગમાં શુભ સુણનાર,
જાચું પ્રભુ તુજ કને કર બોધ સાર. ૩
તારી મહાન ગતી છે જગમાં અતીશ,
આ દાસની સ્તુતી પ્રભુ મનમાં ધરીશ;
રે નાથ? પાપ સઘળાં મુજનાં નિવાર,
જાચું પ્રભુ તુજ કને કર બોધ સાર. ૪
આવ્યો છું હું શરણ તું ભવ તાર નાથ,
મંછા પુરો મન તણી કહુ જોડી હાથ;
તારી લીલા જગતમાં નથી સુન્યકાર,
જાચું પ્રભુ તુજ કને કર બોધ સાર. ૫

---

૧ સૌ, અનર્થો.

સંસારના વિષયથી ન સુઝે સુરીત,
ના ગાયું નામ તુજનું કરી રૂડી પ્રીત.
કીધા ઘણા અનરથો કરી કુવિચાર;
જાચું પ્રભુ તુજ કને કર બોધ સાર. ૬
સંસાર સાગરે કર્યો બહુ મોહકાર,
માયા ગણે જન ઘણી ન સુઝે લગાર;
આ વિનતી ઉર વિશે દિનની ઉતાર,
જાચુ પ્રભુ તુજ કને કર બોધ સાર. ૭

૧. માબાપને ઉપદેશ.

જ્યારથી પરમેશ્વરે આ દુનિયામાં પ્રાણી માત્રમાં શ્રેષ્ટ મનુષ્ય જાત ઉત્પન્ન કરી છે ત્યારથી એમના કરતાં તેમને સારૂં નરસુ સમજી શકવાંનો અક્કલ આપેલી છે. જેમ જેમ બાળક મોટું થતું જાય છે તેમ તેમ તેની બુદ્ધી ખીલતી જાય છે. તે શક્તિને પ્રથમ તેના માબાપે કામમાં આણવી જોઇએ. કારણ કે જ્યાં સુધી તે સમજી શકતાં નથી ત્યાં સુધી એના બાલ્યાવસ્થામાં જે રીતો શીખવીએ અને દેખે તે પ્રમાણે ચાલે છે અને મોટપણે પણ તેનો ઘણોખરો અંશ એનામાં રહે છે. માબાપે પ્રથમ બાળને સારે પાયે ચડાવાને નિતીની રીતો શીખવવી જોઇએ. કેટલાકના ઘરમાં કે પાડોશમાં રોજ ગાળાગાળી મારામારી કરે છે, તેના માબાપ હાસ્ય રસમાં એક બીજાનાપર તેને કલાવી વિવિધ અપશબ્દો બોલાવરાવે છે, વળી તેની માઓની સહીઅરોના ટોળામાં પણ મન ખુશી કરવાને તથા રમાડવાના હેતુથી કેટલાક અપશબ્દો બોલાવરાવે છે, એ વિગરે બાળક દેખી તથા સાંભળી તે જેવો ઘરનો આચાર તેવો એ શીખે છે માટે માબાપે ઘરમાં અગર બાહાર સારી રીતે વર્તવું તો એકનું જોયાથી બીજાને અસર થયા વિના રહે નહિ. બાળકની યાદદાસ્તી મોટા કરતાં વધારે હોય છે માટે નાનપણમાં જે શિખવ્યું હોય તે ભુલતુ નથી. મા-

બાપે છોકરાંની ખરાબ ચાલો સુધારવી જોઈએ. તેમનું મન સ્વચ્છ રખાવવું. કાંઇ બીજા સારૂ તે આડાઇ કરે તો સમજાવીને શાન્ત પાડવું તેણે કંઇ ગુનો કરયો હોય તો તેનાં મુરખ માબાપ એ સારૂ ખુબ શિક્ષા કરે છે. દરેક વાંકની દરમીયાન પ્રથમ સમજાવ્યા છતાં ફરી તે કામ કરે તો તેને શિક્ષા કરવી. તે શિક્ષા વાંકના પ્રમાણમાં તેના શરીરનાપર નજર રાખી કરવી. ઢોરની પેઠે માર્યાથી તેનામાં કાંઇ બુદ્ધિ આવતી નથી પણ ઉલટાં તેનાં મન કઠોર થાય છે. ફરીને વાંક કરે નહીં તેટલા માટે તેને યોગ્ય ધમકી આપવી, ને તેને મોઢે ચઢાવવાં નહીં કેટલાંક બાળકને એવી ટેવ હોય છે કે પોતાના ઉપરીને (માબાપ (વિગરે) ખુશી કરવાના હેતુથી આડૂ અવળુ સમજાવે છે. પણ તેને માટે જાતે ચોકસ ખાત્રી કરવી કે સાચુ જુઠું બોલી ઠગે છે? કેમકે તેથી તેના મનની પરિક્ષા થાય છે. જડેલી અથવા ચોરી લાવેલી ચીજ છોકરાં માબાપને [ને] આપે છે તે વખતે માબાપે તેની ખાત્રી કરવી. તેવી ચીજ માબાપે ઘરમાં નહીં રાખતાં એ પ્રસિદ્ધ કરી જેની હોય તેને આપવી; બાળક સમજણું થાય કે [તેને] તરત તેને નિશાળે મુકવું, કેટલાંક બાળક પોતાના માબાપને એમ કહે છે કે હું નિશાળે જઉ છું એવું કહી ભમતાં ફરે છે. માબાપ જાણે કે ફલાણા ભાઇ અથવા બેન નિશાળે ગયાં છે પણ તે નિશાળનું નામ અને ભમવાનું કામ કરે છે. તેવાની દેખરેખ રાખી તેની રીતભાત કેવી છે તે પુછી ખાત્રી કરવી. બાળકને બગાડનારી તેની જનેતા છે. હરેક સુધારાના કામમાં તે અડચણ કરે છે. તેવા દાખલા ઘણા જોવામાં આવે છે. દાખલો—તેને નિશાળે મુકતી વખતે અથવા શિખામણ દેતી વખતે તે છણકો છાકોટો કરી કહે છે કે ઘણુંએ મોટું થશે ત્યારે ભણશે; પણ તે મુરખ જનેતા વિચાર કરતી નથી કે "કાંકરે કાંકરે પાળ બંધાય ને ટીંપે ટીંપે સરોવર ભરાય" ભાવાર્થ—ધીમે ધીમે કેળવણી અપાવવાનો વિદ્યાભ્યાસ નાનપણથી કરાવ્યાથી તેની બુદ્ધ ખીલતી જાયછે. બીજી ખરાબ ચાલ એ છે કે બાળક પોતાની માના પેટમાં હોય અગર જન્મેલું હોય ને તેને પરણાવવાની તદબીરો કરી પરણાવ્યાનો લાવો લે છે. પણ તેના માબાપને કહેવાનું કે બાળલગ્ન કદી કરવું નહીં બાળલગ્ન

કર્યાથી શા શા ગેરફાયદા થાય છે, તે વિશે એવાં મુરખ્ખ-માબાપે બાળલગ્ન વિશેની ચોપડીઓ વાંચી સમજુતી લેવી; બાળલગ્ન કરવાથી તેનો સ્વાથ બગડે છે. મોટપણે બાળકને પરણાવવાં તેમાં કજોડું કદી થાય નહીં, તે વિશે તજવીજ રાખવી. કુળ નહીં જોતાં સુખનું મૂળ જોવું તે સુખી રહે શે તો તે આપણને આશીશ દેશે. સાસરે જાય તેવો દીકરીને પોતાને ઘેર રાખવાનો પરિચય છે પણ તેને એના સાસરીએ ગમે તેવું દુઃખ હોય તોપણ ત્યાં રાખવી યોગ્ય છે.

બાળક.

બાળપણમાં વર્તવા વિશે.

જ્યાં સુધી બાળકની ઉમર બારકે પંદર વરસની હોય છે, ત્યાં સુધી બાલ્યાવસ્થા ગણાય છે. પછીથી જગતના ઉખાણા પ્રમાણે "સોળેસાન ને વીશે વાન" બાલ્યાવસ્થામાં પોતાની સમજણના પ્રમાણમાં માબાપની આજ્ઞા પાળવી. તેમના એકે બોલનું અપમાન કરવું નહીં. કેટલાક બાળકોની એવી ચાલ હોય છે કે પોતાના માબાપનું કહ્યું માનતાં નથી ને પોતાના મનની ખુશી પ્રમાણે વર્તે છે તેથી મોટપણે દુઃખી થાય છે. સવારમાં ઉઠી દાતણ પાણી કરી નાહીને ધોએલાં કપડાં પહેરવાં, ને હીંદુસ્ત્રી ધર્મ પ્રમાણે કપાળે ચાંલો કરવો; શરીર આરોગ્ય રહે તેટલા માટે શરીરનું સંરક્ષણ કરવું જોઇએ. કોઇ પણ બાબતની પોતાના માબાપના ગજા ઉપરાંત આડાઇ કરવી નહીં. હરેક કામ પોતાની બુદ્ધિ પ્રમાણે કરવું નહીં, પણ તે કામ કરતાં પેહેલાં પોતાના ઉપરીને જાહેર કરી તેમની સમજણ લઈ કરવું. જેવી સોબત તેવી અસર થાય છે માટે નઠારી બેનપણીઓ કરેથી નઠારાં ગણાઇને ફજેત થઇએ છીએ તેટલા માટે તેવાં બેનપણાં કરવાં નહીં અથવા પોતાની બેનપણીની કુચાલ દીઠામાં આવે તો તેને શીખામણ દેઈ તેની ખાપણ બતલાવવી તેમ છતાં તે સારી ચાલ ન શીખે તો તેની મિત્રાચારી છોડી દેવી. (બેનપણી વિશે આગળ કેહેવામાં આવશે.) કોઇ દિવસ જુઠું બોલવું નહીં. જુઠાનો કોઇ ભરૂંસો

રાખવું નથી. કોઇ વાત સાંભળેલી હોય તો તેમાં ઉમેરીને કહેવી નહીં. કોઇની ચીજ ચોરવી નહીં. જડેલી વસ્તુનો ધણી મળે પાછી આપવી. કોઇની નીંદા કરવી નહીં. કોઈએ ;આપણો અવગુણ કર્યા હોય કે ગાળો દીધી હોય તો તેનું સાટુ વાળવું નહીં. ને શત્રુવટ મનમાં રાખવી નહીં તેથી સામું તેની મેળે પસ્તાશે. આંધળા, લંગડા, બેહેરા વિગેરેની હાંસી કરવી નહીં. કજીઓ કંકાસ કર્યા સિવાય પોતાના માબાપ ભાઈ ભાંડુ ને પાડોશી વિગરે સાથે હળીમળી ચાલવું; તેમને પજવવાં નહીં ને પ્રીતી રાખી મગનમાં રાખવાં. કોઈનાપર અદેખાઇ કે કપટ રાખવું નહીં. દરરોજ નિશાળે જવાની ટેવ રાખવી અને સારી સારી શિખામણની ચોપડીઓ વાંચી સમજણ લેવી. માબાપની પેઠે મેહેતાજીની આગ્ના પાળવી. પોતાના ઉપરીનું મન દુભાય એવું કદી કરવું નહીં. ગોરોના દીવસમાં સૌ બેનપણીઓ એકઠી મળી ખરાબ શબ્દો મૂએથી બોલે છે ને નઠારી રમત રમે છે એવું કદી બોલવું નહીં તથા તેવી રેમત રમવી નહીં. પોતે એવી નઠારી ચાલો સમજીને તજવી તો તે દેખી બીજા પણ સુધરશે. બહુ રમતમાં જીવ રાખ્યા સિવાય હરેક કામમાં થોડે થોડે માહેતગાર થવું માબાપ તથા મેહેતાજીના હરેક કામમાં પોતાનાથી બની શકે તેટલી મદદ આપવી. સરીઆમ રસ્તામાં જ્યાં ગાડી ઘોડા આવતા હોય ત્યાં ઉભું રેહેવું નહીં અથવા ત્યાં કોઇ પણ પ્રકારની રમત રમવી નહીં. જો કોઇ પણ પ્રસંગે એવ ઠેકાણે ઊભા રેહેવાની જરૂર પડે તો રસ્તાની એક બાજુ તરફ ઉભું રેહેવું. પોતાનાથી કોઇ પણ વાંક થયો હોય તો માબાપ અગર મેહેતાજી વિગરેનાથી છાનો રાખ્યા શિવાય મનની બીક કાઢી નાંખી જેવો હોય તેવો કહેવો, ને તેને માટે તેની માફી માગવી. બે જણ વાત કરતાં હોય તો ઉભું રેહેવું નહીં અને તે બાબતનો આપણા મનમાં સંકેત રાખવો નહીં. મનમાં ભુત વિગરે વેહેમો રાખવા નહીં. શાસ્ત્રની રૂડી પ્રમાણે વૃત પાળવાં ને કરવાં. પરમેશ્વરની સ્તુતી કરવી.

પરણ્યા પછી વર્ત્તવા વિશે.

પરણ્યા પછી સલુકાઇથી વર્ત્તવાની ટેવ રાખવી. ઘર અથવા ઘર બહાર મલાજાથી વર્ત્તવું. પિતા ઘેર પણ છોકરવાદી છોડીદેવી; અને સૌ કામકાજમાં માહેતગાર થવું. પોતે સ્વચ્છ રહી મનને નિર્મળ રાખવું. હરેક વાત કરતાં હસવાની ટેવ રાખવી નહીં. પર પુરૂષના સામી કુદ્રષ્ટી રાખવી નહીં; પરાયા માણસ સાથે વાતચીત કરવાની જરૂર પડે તો મલાજો રાખી કરવી; અને અંતઃકરણના * પુરૂષ સિવાય છાની વાત કરવી નહીં તથા બાહાર જવું નહીં. પોતાના કામને સારૂં જવું પડે તો એક નજરે જવું. કામ સિવાય બૈરાં માણસે બહાર નિસરવું તથા ભટકવા જવું અને વગર વિચારો શબ્દ મોઢેથી બોલવો તે નીચ સ્ત્રીનું લક્ષણ છે સાસરીયે પણ પોતાનો સ્વામી, સસરો સાસુ, જેઠ નણંદ વિગરેને ઘટે તે રીતે માન આપી બોલાવવાં. તેમનાથી અતડાં રહેવું નહીં; જે કામ બતલાવે તે સારી રીતે કરી માન મેળવવું. કોઇ કામમાં ચુક પડે એવો સંભવ હોય તો તેની શરમ રાખ્યા શિવાય ધીમે શબ્દેથી પૂછવું. ઉતાવળથી બોલવાની ટેવ રાખવી નહીં. પીએરના કરતાં સાસરે હુંશિઆરી દેખાડી માન મેળવવાની ખુબી છે. સારી રીતે ચાલ્યાથી માબાપની આબરૂ પણ વધશે. પોતાનાથી બની શકે એવું કામ તેમના કહ્યા સિવાય બજાવી લેવું. તથા તેમના કામમાં આપણા ગજા પ્રમાણે મદદ કરવી. તેથી તેમને ઘણાં વહાલાં લાગશો. પોતાના પર પ્રીતિ રહે તેવી રીતે ચાલવું. સ્વામી, સસરો, જેઠ વિગેરેનો મલાજો રાખવો કેટલીક સ્ત્રીઓ પોતાના મુરબી જેવા કે સસરો જેઠ વિગરે ઉભા હોય છે ને તેમની શરમ રાખતી નથી, ફાવે તેમ બોલે છે, અગર પોતાના સ્વામી સાથે ફાવે તેમ વર્તે છે. પણ તેના દેખતાં એવી રીતે વર્ત્તવું એ સુનારીનું કામ નથી. પોતાનું ઘર સમજી પીએરમાં રહેવાનો બહુ પરિચય રાખવો નહીં. એક બીજાની બોહણી કરવી અને પોતાના ઘરની વાત પીએરમાં અગર બીજે જઇને કહેવી તે ઘણું મૂર્ખાઇ ભરેલું કામ છે; અને બીજું માણસ કાંમ કરતું હોય

---

* વિશ્વાસુ માણસનો સમાવેશ થાય છે.

તેમાં ડાહપણ કરવું એ આરૂં છે; પણ એમનું કામ એરી રીતે થવામાં સંભવ લાગતો હોય તો નરમાશથી બોલી સમજ પાડવી. જ્યારે ઘરમાં કોઇ છાની વાત કરવું હોય ત્યારે પોતાની બાબતનો વેહેમ મનમાં લાવવો નહીં. જ્યાં સુધી કંઇ પણ ચીજને અડવાનો અખ્તિયાર મળ્યો ન હોય ત્યાં સુધી તેનું કામ પડે રજા લઈ લેવી જોઇએ. દેવ દર્શન કરવા જવું, વ્રત પાળવાં ઇશ્વરની પ્રાથના કરવી. સૌ જોડે સંપ રાખવો અહંકાર તજી દઈ નમ્રતા પકડી મીઠાસથી બોલવું. સાદાસ રાખી પોતાના ગજા પ્રમાણે વર્તવુ.

બેનપણી વિશે.

હરેક સ્ત્રીએ બેનપણાં બાંધ્યા પેહેલાં એના ગુણની પુરણ ખાત્રી કરવી જોઈએ પેસાને મોહાવું નહી, જો કેટલીક બેનપણી થાયછે તોતે અંતાકરણની, સ્વાર્થની, તમાસાની, કોઇ કપટની વીગેરે રીતોથી જાં પીછે. રૂપને ને પૈસાને મોહ્યા સીવાય વીદ્યાવંત, વિવેકી, શિયળવ્રત પાળનારી, સદગુણી, ભોળપણવાળી, ને શાંત સ્વભાવની અને હુનરોથી વાકેફ તેવી બેનપણીઓ કરવી. તેની હરેક કામના પ્રસંગે પરીક્ષા કરવી, ત્યાર પછી ખરી ખાત્રી પડે તો વિશ્વાસ રાખી કામ સોંપવુ. દરેકને હરેક કામના પ્રસંગે મદદ જોઇએ માટે દરેકે દોસ્તદારી રાખવી તે અવશ્યનું કામ છે. જેને કોઇની સોબત હોતી નથી ને જાતે અતડાં રહે છે તેના હરેક કામમાં અવળો પાસો પડેછે. જેને સારી સોબત તેને દરેક કામ કરતાં સુલભ પડે છે. જેને અંતાકરણની મિત્રાચારી હોય તેને હરેક કામને પ્રસંગે સહાયતા આપે છે. પોતાની બેનપણીના હરેક ગુનો કે છીદ્ર ઉઘાડું કરતી નથી ને તેની જાતની ખાંપણો બતલાવી ઢંકાવે છે તે પોતાની બેનપણીના દુઃખમાં સામેલ થાય છે, ને સગાના કરતાં પણ આડે આવે છે. એવી બેનપણીની આગળ આપણા મનના દરેક ઉભરા કપટ રાખ્યા શિવાય બોલવા ને તેને પુછી નવાં કામો કરવાં.

જે સ્ત્રીઓ પોતાનો સ્વાર્થ સાધવાના હેતુથી બેનપણું બાંધે છે તે

છો ને સામાને મોઢે મીઠા મીઠા શબ્દો બોલીને પોતાનું કામ કાઢી લે છે. એવી કોઈ સોબત કરવા આવે તોપણ કદી વિસ્વાસ રાખવો નહીં. કેમકે તે કોઈ વખત પણ દગો દેવાની, જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી બેનપણાં રહી વળતી તું કોણ ને હું કોણ કરે છે અને પાછાં પોતાને કામ કાઢી લેવાનો પ્રસંગ આવે કે વળગતાં આવે છે, એવી વખતે ભોળાવું નહીં; અને પોતાના બેનપણી થઈ દગો દઈ ગઈ તેવીનો કદી વિસ્વાસ આણવો નહીં પણ તેને ખોટું ન લાગે તેવા પ્રકાર એની સોબત છોડી દેવી. અને લટકતી સલામ રાખી મળ્યા ભાઈની પ્રીત રાખવી. જે ખરાબ ગુણોવાળી માલમ પડે એવાંનાથી અળગાં રહેવું. કેટલીક બાયડીઓ વઢકારી અને કપટવાળી હોય છે. દરરોજ પોતાના ધણીના સાથે બાઝી વછુટતી નથી તો પાડોશી સાથે બાઝી કેમ વછુટતી હશે! હરેક કામમાં કપટી કપટ કરે છે માટે જ્યાં કપટ થાય ત્યાં સાવચેત રહેવું. વઢકારી, લાલચુ, જુઠી, કપટવાળી ઈત્યાદી નીચ ગુણોવાળી સ્ત્રીની બેનપણાં થવાં નહીં. કેટલીકના પેટમાં વાત ટકતી નથી તેવીના આગળ પોતાની છાની વાત કંઈ કહેવી અથવા કરવી નહીં.

સ્વામી સાથે વર્તવા વિશે.

પોતાના સુખનું મુળ સમજીને પતિને સુખી કરવાનાં સાધન કરવાં; હસ્તે મુખે રહી પ્યાર રાખવો અને વિનયના વચનથી વશ કરી પોતાનું મન ને તેનું મન એક કરવું. તેનો હુકમ માનવો. તેના ભોજન કર્યા પછી પોતે જમવું વિગરે નિયમો પાળવા. ઘરમાં સસરો, સાસુ, જેઠ, વગેરેનાથી મલાજો રાખવાનો હોય ને એ હાજર હોય તો પતિ સાથે વાતચીત કરે તેને નીચ જાણવી. જરૂરનું કામ હોય અને એ હાજર હોય તો ઈસારતથી સમજ પાડવી અગર એને સારૂ ઘટતા ઉપાયો કરવા જોઈએ; તેની રજા શિવાય ઘર બાહાર પગલું ન ભરવું. તેનું મન કોઈ પણ કારણથી દુભાય તેવી રીતે વર્તવું એ નીચ સ્ત્રીનું કામ છે. જાતે નિર્મળ મનથી રહી તેને પણ એવા રાખવા. તે દુઃખી હોય તો જાતે દુઃખી છીએ

એવું સમજવું. કેટલીક નઠારી સ્ત્રીઓ પોતાના ધણીને ગાળો દે છે, તેની સાથે બાઝી વછુટતી નથી અને કનડે છે, સવારથી તે સાંજ સુધી એ કથા ચલાવે છે પોતે સુખ પામતી નથી અને બીજાને સુખ પામવા દેતી નથી, એવી સ્ત્રીથી તે ખેદ પામે છે; અને અળખામણી કરી ત્યાગ કરે છે, પણ જે કહે તે સાંભળી સાંખી રહી, બોલ ઊથાપવો નહીં તેની આગળ કોઇ પણ વાત છાની ન રાખતા જેવી હોય તેવી કહેવી. જુઠુ બોલવાની ટેવ રાખવી નહીં, કામ જેટલું બોલવું કેટલીક સ્ત્રીઓની એવી ટેવ હોય છે કે તેમનો પતિ કામમાં હોય તે વખતે નવાં નવાં ટીખળ કરે છે તે પ્રસંગે તેના સામાનો મીજાજ ઠેકાણે ન હોય તો એમાંથી ખરાબ પરીણામ થાય છે; માટે તે હરેક કામ કરતા હોય તેવી વખતે તેની આજ્ઞા લઈ વાતચીત કરવી. દુઃખની વખતે ધીરજ આપવી. તેની પ્રતિદીન સેવા કરવી. સીતા રામનો બોલ ઘડીએ ઉથાપતી નહીં એવી રીતે વર્તિએ તો પરમેશ્વર આપણાપર ખુશી રહેશે. કંઇ પણ વાંકને માટે ઠપકાને વા શિક્ષાને પાત્ર થઈએ તો સામું ન બોલતાં નમ્રતાથી મીઠી વાણી બોલી તેનો તાપ સમાવીને ક્ષમા માગવી; અને ફરીથી વાંકમાં અવાય નહીં એવી રીતે ચાલવું. પતિ ઓછા ગુણવાળો, લુલો, બહેરો આંધળો વિગરે અવયવોથી શરીરે અશક્ત હોય તોપણ પોતે કુદ્રષ્ટીનાં ચક્ષુ ન ફેરવતાં જે પરમેશ્વરે અપાયું તે ખરૂં છે એવું ધારીને પોતાના કોમળ મનને શાન્ત પાડવું. જે સ્ત્રીને ધણી સાથે પુર્ણ પ્રિતી એ સર્વ વાતે સુખી સમજવી. પતિવ્રતા સ્ત્રીનું નામ જગતમાં અમર રહે છે. તેને માન મળે છે અને પરમેશ્વરની ગુનેગાર થતી નથી; જે હરેક કામ ફરમાવે તે કરવામાં આનાકાની કરવી એ સુસ્ત્રીનો ધર્મ નથી. સભ્યતાથી ચાલશો તો તે કટુ વચન કદી કહેશે નહીં. જ્યારે એ ઘર બહાર ગયા હોય ત્યારે આવે તો આસનાવાસના કરવી; તે વખતે કાંઇ પણ બોલી ક્રોધાવેશમાં લાવવા નહીં. નઠારી સ્ત્રીઓ બીજી સ્ત્રીનું દેખા દેખી જોઇ લઇ ચાયને ઘરેણું ગાંઠુ વિગરે કરાવવાને હઠ લે છે પણ સુસ્ત્રી તો પોતાનો સ્વામી હશે તો સૌ સારાં વાનાં થશે એવું ધારી રહેછે. ઘરેણું વગેરે પેહેરાથી કંઇ આબરૂ વધતી નથી પણ ઘરસુત્ર બરોબર ચલાવી પતી સાથે સા

રીતે વરતવાથી આબરૂ વધે છે. તાલેવંતનો મહેલ જોઇ પોતાનું ઘર તે
ના બરોબર કરવા જઇશું તો કયાંથી થશે? માટે કોઈ બાબતમાં હઠ ન
કરતાં પોતાના ગજા પ્રમાણે વર્તવું. ઘરેણું પેહેરવાનો મુખ્ય હેતુ પોતાના
સ્વામીને પસંદ કરવાનો છે. પણ તેની મરજીથી ઉલટા ચાલી ખુશી ક
રવા ધારીશું તો તે થશે નહીં. કરજ કરીને કંઇ પણ કરવાનો બોધ આ
પવો નહીં અથવા કરવા દેવું નહીં. ઘણી સ્ત્રીઓ પોતાની અક્કલથી અ
થવા કોઈની શીખવણીથી પોતાનો ધણી, સસરો, સાસુ, જેઠ, જેઠાણી
ને નણંદ વિગરે જોડે વઢે છે પણ પોતાના કાને સાંભળ્યા શિવાય એક
શબ્દ મોઢેથી બોલવો નહીં પોતાના સ્વામીની આપત્તિ વેળા ભાગ લેના
રી તેની સ્ત્રી છે, એવી વેળા મનમાં અરે લાવવી જોઇએ. પતિ ગમે તે
વી સ્થિતિમાં હોય ને પિતાને ઘેર ગમે તેટલું સુખ હોય પણ તેનો મદ
નહીં કરતાં સાસરીયાના સુખથી તૃપ્ત રહેવું તેની સાથે કોઇ પણ વખતે
રીસાવું નહીં. પોતે રાજીમાં રહી તેને રાજી રાખવા. નઠારી સ્ત્રીઓ પોતા
ના ધણીના ગુણ અવગુણ એક બીજાને કહને પોતાના ઘરનું છીદ્ર ઉઘાડું
કરેછે પણ સુસ્ત્રીએ પોતાના ઘરનું કંઈ પણ કલંગ હોય તે ઉઘાડું નહીં
કરતાં ઢાંકી દેવું. તેનાથી ક્ષણ ગુ વાર અલગુ રેહેવું નહીં. પતિનું સુખ મ
ળવું મુશ્કેલ છે. તેના વિયોગે પોતે અત્યંત દુઃખી થવું જોઇએ. બારેમાં
બારે વિયોગ પતિના મરણથી થાય છે. તેના વિશે આગળ કેહેવા
માં આવશે. જળના વિયોગેથી જેટલું મીનને દુઃખ પડે છે તેટલું
તેના વિયોગે પતિવ્રતા સ્ત્રીને દુઃખ ભોગવવું પડે છે. દ્રોપદી, સીતા વગેર
સતીઓએ સુખ તજી દઈ પોતાના સ્વામી સાથે વનવાશ ભોગવ્યો છે, અ
ને એ આ જગતમાં પ્રસિદ્ધી પામી નામ અમર કરી ગયાં છે. મીન અ
ને જળને પ્રીતિ હોય છે તેવી સ્ત્રીએ પતિ સાથે પ્રીતી રાખવી; જ્યારે કમ
ળ પોતાના પ્રિય સ્વામી સૂર્યને દેખતું નથી ત્યારે કરમાય છે; એવી રીતે પતિવ્રતા
સ્ત્રી પ્રતિદીન સુકાતી જાય છે. પણ એવી વખતે મન નિર્મળ રાખી પર
પુરૂષ સાથે છાની ગફલત કરવી નહીં. કેટલીક સ્ત્રીઓ પોતાના પતિ છતાં
છુપી રીતે પર પુરૂષપર મોહની જાળ નાંખી લપટાવાના હેતુથી કાગળોના
નુમારો વિગરે વિવિધ ઉપાયો યોજે છે, અને પોતે છિનાળાં કરાવે છે,

એ જાતે ફજેત થઇ બીજાને ફજેત કરી નીચું ઘાલવાનું કરે છે એવા દા ખલા ઘણા જોવામાં આવે છે. અરે એવી સ્ત્રીઓ પરમેશ્વરને ત્યાં શો જવાબ આપશે? પ્રતિવ્રતા સ્ત્રીઓ કોઇના સામી કુદ્રષ્ટીએ જોતી નથી. જો કોઇ પુરૂષ પોતાના ઉપર કુદ્રષ્ટી રાખી જુએ અથવા હરેકત કરવા જાય તો તેણે તેને તુચ્છ ગણી કદી એનું મુખ જોવું નહીં. જેમ બગો પુષ્પ દેખી ભાન થાય છે, તેમ સુનારી પોતાના પતિને દેખી મગનમાં રહે છે,

શિયળ પાળવા વિશે,

જે સ્ત્રી શિયળ પાળે છે તે સ્ત્રી ઘણી ચતુર કહેવાય છે; તેની કોઈ નીંદા કરતું નથી, અને આ જગતની અને પરમેશ્વરની ગુનેગાર ગણાતી નથી. પોતાના પતિનો વિયોગ થયો હોય તોપણ શું થઇ ગયું? જે સ્ત્રીએ આ બાબતમાં પોતાનું મન વશ રાખ્યું નહીં તે અનર્થ કામાં કરવામાં પાછાં ડગલાં કદી ભરતાર નહીં અને એ સ્ત્રી જાતે નીચ સમજવી. કેટલીક સ્ત્રીઓ પોતાના પતિના હાજરપણામાં શિયળવ્રત ભંગ કરે છે, જેમ બગ શિકારને વાસ્તે એક ચિતે ટમટમા રહે તેમ નીચ સ્ત્રીઓ પરપુરૂષપર મોહીત પામીને ઝુરી રહે છે. એવી નીચ સ્ત્રીઓ પરપુરૂષ તરફ જોઇ કટાક્ષ કરી મનમાં વિવિધ બુટ્ટા ઉઠાવે છે, અને મોહીત પામી પ્રિતા બાંધવા સારૂ અનેક યુકિતઓ લગાવે છે અને બંનેનાં મન એક કરીને પોતાના પતિને શત્રુ જેવો ધારીને અનેક તરેહની રંગ બાજીઓ ખેલે છે વળી કેટલીક પોતાના પતિની બીક હોવા છતાં પણ છાંનાં છિનાળાં કરાવે છે. એ જાતે નીચ કામો કરીને બીજાને નીચ કામોમાં લપટાવવાને ઉપાયો યોજે છે. પતિનો વિયોગ થએલો હોય તે વખતે તો એ સ્ત્રી કેવાં નીચ કામો કરતી હશે. તે બાબત તેની ચાલચલગતપરથી માલુમ પડે છે નઠારી સ્ત્રી જાતે આબરૂહીન થાય છે એટલુંજ નહીં પણ પોતાના માબાપને અને સહકુટંબને લજવે છે. સદગુણી સ્ત્રીઓ પોતાના પતિ સિવાય બીજાઓના પોતાના સગાની માફક ગણી કદી તેના સામી કુદ્રષ્ટીથી જો

તી નથી, પોતાનો ધણી રોગીષ્ટ, કદરૂપો, શરીરનો અશક્ત હોય તોપણ સુસ્ત્રી પરપુરૂષ સામી નજર ફેરવતી નથી પણ તે નશીબનાપર હાથ ફેરવી પોતાના મનને શાન્ત પાડે છે, પરપુરૂષની ખરાબ નજર ન થાય તેવી રીતે સુસ્ત્રી વર્તે છે. કોઇ પુરૂષ ગમે એટલો દામ કે પ્યાર બતલાવે તોપણ તે લલચાયા સિવાય શિયળ પાળવામાં સાવચેતી રાખે છે તે ગમે તેવી આફતમાં આવી પડે છે પણ શિયળ પાળવાનું ભંગ કરતી નથી. એમ છતાં કોઇ હરામખોર માણસ શિયળ પાળવાની સાવચેતી ભંગ કરે તો એવી સ્ત્રી એવા નીચ માણસથી અળગી રહે છે. પ્રાચીન વખતમાં ઘણી સ્ત્રીઓનાં હરણ રાજાઓ કરી ગએલા છે પણ તેઓએ પોતાનો ધર્મ સારી રીતે બજાવેલો માલુમ પડે છે. નીચ સ્ત્રીની સોબત કરવી નહીં તેના મળતું પોતાને કલંક ચડે છે. પોતાની બેનપણીએ એવી સ્ત્રીની બેનપણી થઇ હોય અથવા થવાનો સંભવ માલુમ પડતો હોય તો તેને શિખામણ દેવી, એમ છતાં ન માને તો તેની બેનપણી થવું નહીં કોઇપણ વખતે "પાપનો ઘડો ફુટે છે" પરપુરૂષની સાથે વાત કરતી વખતે હસીને કહેવાની ટેવ રાખવી નહીં. ને પુરૂષ પાસે બહુ બેસવાનો પ્રસંગ રાખવો નહીં અને જ્યાં પુરૂષનું ટોળું ભેગું થએલું હોય ત્યાં જઇ ઉભું રહેવું એ સુસ્ત્રીને ઘટતું નથી. શિયળ સાચવનારી સ્ત્રી સર્વોતમ શ્રેષ્ટ ગણાયછે.

श्लोक.

नदानैःशुद्धतेनारी, नोपवाससतैरपि;
नतीर्थसेवयातत्, नर्तुःपादोदकैर्यथा ॥१॥

અર્થ-જે સ્ત્રી પોતાના વરના પગ પખાળીને તે પાણી પીને પવિત્ર થાય છે તે સ્ત્રી તિર્થદાન વિગરે ઉપવાસ કર્યાથી થતી નથી. ભાવાર્થ—પોતે પતિવ્રતા ગણાવવાને સારૂં ઉપવાસ વિગરે વ્રતો મનમાં કાતી રાખી કરે છે પણ પોતાના પતિની સેવા શિવાય પવિત્ર ગણાતી નથી.

ઘર કામમાં અને નવરાશની વેળાએ વર્તવા વિષે:

કેટલીક સ્ત્રીઓ સવારમાં દહાડો પહોર ચડે ઊઠી મુગત થઈ બેસી રેહે છે, ઘરમાં પુંજો વિગરે ગંદવાડ ઘણા દિવસ સુધી થવા દે છે, લોટા પાણીનો ગોળો પણ માંજ્યા વગરનો રાખે છે કે એમાંનું પાણી પણ પીવું ગમતું નથી. સદ્‌ગ્રહસ્થેના ઘરમાં પણ ચાકર છતાં આ બાબતપર પુરતુ લક્ષ આપવામાં આવતું નથી. પોતાનાં લુગડાંમાં મેલ થવા દે છે આવી ઘરની હાલતની વખતે કોઈ માણસ આવ્યો હોય તો ગમે પણ નહીં, તેવા ઘરમાં બેસતાં પણ અકળામણ આવે. ઘરને લીંપી ગુંપી વાળી ઝાડીને ઝાક ઝમાલ રખાવ્યાથી કે રાખ્યાથી તે આંખને પ્રીય લાગે છે. પ્રતિદીન ઘર આંગણું સ્વચ્છ રાખવાને માટે કાળજી રાખવી. ગામડા વિગરે ઠેકાણે એવો ચાલ હોય છે કે ઘર આગળ ઉકરડા કરે છે, એંઠવાડ વિગરે ગંધાતી ચીજો નાંખી ઘણા દિવસ સુધી પડયા સડવા દે છે તેમાંથી રોગના ઊપદ્રવ થાય છે માટે તેને ગામની અમુક જગ્યાએ નાંખવાની જોગવાઇ કરવી. પાણી પીવાનાં વાસણ, અનાજ વિગરે સ્વચ્છ રાખવું. કોઇ પણ જાતનો ગંદવાડ થવા પામશે નહીં તો શરીર આરોગ્ય રેહેશે. કેટલીક બાયડીઓ ઘરમા દાંણાદુણી ભર્યા છતાં જગતના ઉખાણા પ્રમાણે "ગોતા બાફણું કરી મુકે છે" એટલે તે રસોઇ કરવામાં બીલકુલ ચીવટ રાખતી નથી. પોતાના ઘરમાં યથાશકિત પ્રમાણે દાણોદુણી વિગરે બરચું હોય તેને સારી રીતે વાપરવાની ટેવ રાખવી. કેટલીક સ્ત્રીઓ રસોઇ કરે છે તેનું બીલકુલ માપ રાખતી નથી અને તે રસોઇ સાંજ સુધી જમ્યા બાદ બીજા દિવસે પણ એ ખાધામાં આવે ત્યાં સુધી પડી રહે છે. અગર નાંખી દેવી પડે છે. એથી અનાજનો બિગાડ કરે છે; પણ એવી રીતે કદી નહીં કરતાં પોતાના ઘરનાં માણસપર સુમારે રાખી કરવી. ખાવા કર્યામાં આળસ રાખી વધારે કરી મુકવું નહીં, બનતા સુધી સવાર સાંજ ઉની રસોઇ જમવામાં આવેથી શરીર સુખાકારીમાં રેહેશે. ભણેલી સ્ત્રીએ પોતાના ઘર ખરચનો હિસાબ રાખવો, અને

પોતાના ઘરની આવકપર નજર રાખી ખરચ કરવો અથવા કરવા દેવો:
જમણવાર, વરઘોડા વિગેરેમાં દેવું કરી પૈસો વાપરવા દેવો નહીં. તેમ ખર
ચ કરવાની હદ લેવી નહીં. પોતાનું ગુજરાન ગજા પ્રમાણે ચલાવતાં કરક
સર કરવાની ટેવ રાખવી. ઘર કામ પોતાની હુંશીયારીથી બજાવી લેવું.
ઘરમાં દરેક બાબતની સવડ સારી કરી રાખવી.[કોઈ] પોતાને ઘેર કોઈ
પરાયુ માણસ આવે તો તેને ઘટતી રીતે માન આપવું. તથા પોતાની
યથાશકિત પ્રમાણે જેવી રીતે ઘટે તેવી રીતે વર્તવું. જ્યારે પરાયુ માણ
સ આવે છે ત્યારે સ્ત્રીના ગુણ દોષ માલમ પડે છે પોતે સારી રીતભાત
થી ચાલશે તો પાડોશી પણ દેખી તે પ્રમાણે વર્તશે. હરેક કામમાં અકળા
યા અને આળસ રાખ્યા શિવાય એ કામ ધીરજથી કરવું. અને તે કામ
કર્યા પેહેલાં વિચાર કરવો. ધીરજને હીંમતથી હોંશ રાખી કરવું. કમનનું
કામ કરવું તે કદી સારૂ થતું નથી. ઉછાંછળાપણું રાખવું નહીં, શયન
કાળ વેળા પોતાના ઘરની સઘળી ચીજની સંભાળ રાખવી અથવા રખા
વવી. ખાનગી ઓરડાની સંભાળ પોતાએ અથવા અંતઃકરણના માણસ
પાસે રખાવવી. પોતાના અંગના માણસ સિવાય ખાનગી કામમાં માહેત
ગાર કરવા નહીં. હરેક પરાયા માણસનો સ્નેહ ભાવ થવાનો હોય તો તે
થવાની દરમિયાન એની પરિક્ષા કરવી, અને વિસ્વાસ પડે કામ સોંપવું.
હરેક અમુક કામમાં નિયમો રાખવાની જોગવાઇ રાખી હોય તો સારી અ
ને આરંભેલું કામ તન દઇ ખરી હોંશથી પૂરૂં કરવું.

નવરાશનાં વેળાએ સુનીતિની ચોપડીઓ વાંચી એનું જ્ઞાન લેવું. કેટ
લીક સ્ત્રીઓ એકઠી મળી નઠારાં ગાયન કરે છે, એક બીજાની નિંદા ક
રે છે, કજીઓ કંકાસ કરે છે, પણ ખરાબ ચાલ નહીં ચાલતાં સૌ જો
ડે સંપીને વર્તવું. નવા નવા હુનરો * શિખવા અને પોતાના કામની ચુકો
હોય તે વિચાર કરી તપાસી સુધારવી. કેટલીકને નવરાશ મળી એટલે આ
ળસ અને ઊંઘની બાઇબંધી કરે છે પણ એ ટેવ છોડી દેવી. કેમકે પર
મેશ્વરે આશ્રય લેવાને માટે રાત્રી કરેલી છે. આજનું કામ કાલ ને કાલ
નું કામ પરમદહાડે કરીશું એવું કદી રાખવું નહીં. નવરાશની વેળાએ પ

* ભરત વિગેરે.

ગ છુટા કરવા એટલે દેવદર્શન વિગરે શુભ ઠેકાણે હીંડીને અથવા ગાડીમાં બેસી ફરવા જવું; ખોટા કામના વિચાર કરવા નહીં. પરમેશ્વરની સ્તુતિ કરવી.

રૂતુસ્ત્રાવ, ગર્ભ અને બાળને ઉછેરવા વિશે.

જ્યારે સ્ત્રી પુખ્ત ઉમરે થાય છે ત્યારે રૂતુસ્ત્રાવ એટલે અટકાવ આવે છે, એ આવી ગયા પછી પોતાને સાસરે રહેવા લાયક થાય છે. આ વખતે હિંદુજ્ઞાતિમાં પાંચ કે ચાર દિવસ સુધી વેગળી બેસાડવાનો રીવાજ છે, અને પારસી લોકોની સ્ત્રીઓ આઠ દિવસ સુધી વેગળી બેસે છે, જે સ્ત્રીને અટકાવ આવ્યો હોય તે સ્ત્રીએ કોઇ પણ કામ બહુ બળથી કરવું નહીં. કેમકે કામ કર્યાથી શરીરની તનદુરસ્તીને નુકશાન પોહોંચે છે.

ઘણે દિવસે ગર્ભ બંધાય છે, જેમ જેમ દિવસ થતા જાય છે તેમ તેમ એ ગર્ભ મોટો થતો જાય છે. આ વખતે પોતાની શરીર શકિત ઉપરાંત મેહેનત કરવી નહીં; જેવી ખાવા પીવાની ચીજો શરીરને નુકશાની પોહોંચે એવી ખાવી પીવી નહીં. કેટલીક સ્ત્રીઓ મેહેનત વધારે કરે છે, ખાવા પીવામાં નિયમ રાખતી નથી; અને આ વખતના શરીરના ગજા ઉપરાંત કામ કરે છે તેથી રોગ પેંદા થઇ ગર્ભ વહી જાય છે અગર આખરે કસુવાવડ થાય છે. છેવટે કેહેવાનું કે ગર્ભને કોઇ પણ રીતે નુકશાન પોહોંચે તે પ્રમાણે વર્તવું નહીં.

જ્યારે છોકરૂં જન્મે ત્યારે તેની ઘણી સંભાળ રાખવી. માફકસર પવનમાં રાખવું. જેવાં લુગડાં માફક પડે તેવાં લુગડાં વખતને અનુસરીને પેહેરાવવાં, નાનાં છોકરાંને ઊંઘની જરૂર છે. માટે તેને વાસ્તે પારણું બાંધી સુવાડવાની જોગવાઇ કરવી. કેટલીક સ્ત્રીઓ ઘરમાં અથવા બહાર ઉઘાડા શરીરે રાખે છે; અને બાળક રડતું હોય તોપણ લેતી નથી, અને પોતાનું કામ કર્યાં કરે છે. પોતાના છોકરાંને પોતાથી કાંઇ ખાધાથી નુકશાન થાય એવી ચીજ ખાવી નહીં. એનું શરીર આરોગ્ય રેહે માટે બનતા ઉપાયો લેવા. આ બાબતની ચોપડીઓ વાંચી અથવા સાંભળી પુરતું જ્ઞાન લેવું.

વિધવા સ્ત્રી વિશે.

જ્યારે સ્ત્રીને પોતાનો પતિ મરી જાય છે ત્યારે વિધવા સ્થિતિ આવે છે એટલે રાંડેલી કહે છે. જે જ્ઞાતિમાં પુનઃલગ્ન કરવાનો રીવાજ નથી, તે જ્ઞાતિમાં વિધવાવ્રત પાળવાની સાવચેતી રાખવી. આ સમે પરમેશ્વરને પોતાનો પતિ જાણી તેની પ્રતિદીન સ્તુતિ કરવી. કારણ કે આપણને સુખ દુઃખ આપનાર એજ છે. જો ઘરમાં કોઇ પણ વડિલ હોય તો તેની આજ્ઞા બરોબર પાળવી તેની સાથે સલાહ સંપથી વર્તવું. જ્યારે ભર જુવાનીમાં વિધવા અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે પોતાના મનને ધીરજ રાખી માથે પડેલું સંકટ ખરી દ્રઢતાથી સહેવું અને મનમાં નઠારા વિચારો ઉત્પન્ન કરવા નહીં. કેટલીક સ્ત્રીઓ પોતાનો પતિ મરી ગયા પછી કોઇ પરપુરૂષ સંઘાથે પ્રિતિ બાંધે છે. અને સંસારી વૈભોગ લે છે. કોઇ વખત વિધવા સ્ત્રીને ગર્ભ રહે છે, ત્યારે તેની અતિશે લોકમાં નિંદા થાય છે અને આબરૂ હીન ગણાઇ પોતાના સહકુટંબને લાંછન લગાડે છે વળી કેટલીક તો ગર્ભપાત કે ગાળવાનો ઉપાય કરીને અથવા જન્મેલા બાળકને છુપી રીતે જીવતું અથવા મારીને નાંખી દે છે. અને તે અધર્મ કામો કરતાં લગારે લજવાતી નથી. હિંદુશાસ્ત્ર પ્રમાણે વિધવા સ્ત્રી થોડા અંશે વર્તતી હશે. ખરાબ સોબતમાં ફસાવું નહીં અને પ્રયોજન વિના કોઇ પણ પુરૂષ સાથે વાતચીત કરવી નહીં. કામ જેટલું બોલવાનો રીવાજ રાખવો. જ્ઞાતિમાં નિંદા ન થાય તે પ્રમાણે જ્ઞાતિને અનુસરીને વર્તવું. સારા સારા આહાર અને વૈભોગ તજવા કેમકે તેણેથી પોતાની ઇંદ્રીઓ વશ રહેતી નથી; અને સંસારી બાબતમાં ઘટતા ઉપરાંત લક્ષ આપવું નહીં, પોતે શાણપણું ધરવું, થોડું બોલવું, નમ્ર સ્વભાવે વર્તવું, પોતાનો દેહ વૈરાગ્ય ધારી સંસારી બાબતો છોડી દેવી.

સમાપ્ત.

ગ્રંથાશ્રય.

નકલ અમદાવાદ.

૧ રા. રા. મણીશંકર દામોદર.
૧ " બાપુસા રૂપાસા.
૧ " બળવંતરાય ચંદુલાલ. દેશાઇ
૧ " ભગવતરાય ગુલાબરાય.
૧ " રામચંદ્ર નાનાભાઇ.
૧ " ઇશ્વરલાલ મણીલાલ.
૧ " જગંનાથ નાનાભાઇ.
૧ " હરીલાલ શંકરલાલ.
૨ " ચુનીલાલ હરીલાલ.
૧ " ભાઇશંકર જેઠારામ.
૧ " વાડીલાલ જમનાદાસ. શેઠ.
૧ " મણીશંકર નથુરામ.
૨ " શિવપ્રસાદ વિપ્રપ્રસાદ.
૧ " હરીલાલ મગનલાલ.
૧ " ચુનીલાલ કાળીદાસ.
૧ " ત્રીકમલાલ જીવણલાલ.
૧ " ભાઇશંકર સંપતરામ.
૧ " જેઠાલાલ બાપુરામ.
૧ " ગોપાળરાવ ગમકઝ.
૧ " ચુનીલાલ શાકરલાલ.
૧૦ " જાદવરાય ડાહ્યાભાઇ.
૧ " માણેકલાલ ડાહ્યાભાઇ.
૧ " ગોવિંદલાલ.
૧ " મયારામભાઇ.
૧ " મણીલાલ છોટાલાલ.
૧ " અંબાલાલ હરીલાલ.
૧ " રણછોડલાલ મનસુખ.
૧ " મોતીલાલ આત્મારામ.
૧ " વકીલ બલુભાઇ.
૧ " મગનલાલ કમાલભ.
૧ " જાદવરાય ભુપતરાય.
૧ નાથાલાલ દયારામ.
૧ " મોતીલાલ કાશીરામ.
૧ " ખીમચંદ જમનાદાસ.
૧ " જીવણલાલ ત્રીકમલાલ.
૧ " પરમાનંદ માધવલાલ.
૧ " દયારામ સાંકળેશ્વર.
૧ " હરીભાઇ કાળીદાસ.
૧ " દોલતરામ રામનારાયણ.
૧ " ઇશ્વરલાલ જેઠાલાલ.
૧ " ત્રીકમલાલ જીવણલાલ.
૧ " બાપુજી.
૧ " ભીખાભાઇ હરીભાઇ.
૨ " ભુલામીસ્ત્રી.
૧ " મણીશંકર લલુભાઇ.
૧૦ " ગંગાશંકર કરૂણાશંકર.
૧ " મુળજી દુર્ગાશંકર.
૧ " જેશંકર પ્રાણશંકર.
૧ " ત્રીપુરાશંકર ભવાનીશંકર.
૧ " ગટોરદાસ વ્રીજવલવ.
૧ " ઇશ્વરપ્રસાદ જેઠાલાલ.
૧ " દુર્ગાશંકર કરૂણાશંકર.
૧ " મણીલાલ કેશનલાલ.
૧ " ત્રીકમલાલ લલુભાઇ.
૧ " મણીલાલ નરસીલાલ.
૧ " ત્રીકમલાલ પ્રાણજીવન.
૧ " નાથાલાલ કાળીદાસ.
૧ " અંબારામ ગોવિંદરામ.
૧ ચમનલાલ પ્રાણજીવન.
૧ " રંગીલદાસ.
૧ " બળવંતરાય રામનારાયણ.
૧ " ત્રીકમલાલ ચમનલાલ.
૧ " મોરલીધર ગણપતરાય.

૧ " મંગલ દેવકરણ.
૫ " મોહનલાલ છોટાલાલ.
૧ " ગણપતરાય ગોવિંદજી.
૧ " છોટાલાલ ઉમેદરામ.
૧ " ગોપાળરાવ કલ્યાણજી.
૧ " મણીલાલ લલુભાઈ.
૧ " શામરાવ બાપાજી.

કુબડથલ.

૧ રા. રા. જેઠાલાલ ડાહ્યાભાઈ.
૧ " તળસીદાસ પ્રાણદાસ.
૧ " શીવલાલ હીરાચંદ.
૧ મોહનલાલ લલુભાઈ,
૧ " શોભા મલુકચંદ.
૧ " છોટાલાલ મલુકચંદ.

વાઘરા.

૫૦ રા. રા. હરીનારાયણ સુરજરામ.

વડોદરા.

૧૦ રા. રા. રતનેશ્વર વેણીરામ
૧૦ " મણીલાલ નાનાલાલ
૫ " લીલાધર નાનાભાઇ

ઉમરેઠ.

૧ લીલાધર કાશીરામ.

આમોદ.

૫ જેઠાલાલ વિશ્વનાથ.
૧ માણેકલાલ અમુલખરાય
૧ મણીશંકર શીવશંકર.

જેતલપુર.

૧ રા. રા. સાંકળચંદ ભગવાનદાસ.
૧ " જુગલ કલ્યાણજી
૧ " કેવળ ત્રીભોવન.

બારેજા.

૧ રા. રા. જેઠાલાલ બાપાલાલ

સીધપુર.

૨૦ મગનલાલ કેશવલાલ.

અસારસા.

૧ દોલતરામ નાથાજી.
૧ ઇશ્વરલાલ બાઇશંકર.

—

પાછળથી લીધા આવ્યાના સબબથી અંતરે નામ લખ્યાં છે.

ખેડા.

૫૦ રા. રા. મુળશંકર કુબેરશંકર.
૧ દામોદર ભીજભુખણદાસ.
૧ રામજીભાઈ તુળસીદાસ.
૧ નંદશંકર મયારામ ફડાકે.
૧ મણીશંકર ગૌરીશંકર મોજણીદાર
૫ દોલતરામ મુળારામ.
૧ જેઠાભાઈ મોવાહરામ.
૧ નાથાભાઈ મલાભાઈ સરભધર.
૧ સખારામ બીસાજી સરિસ્તેદાર.
૧ કીસનદાસ ચુનીલાલ લાઈબ્રેરીઅન
૧ અમૃતલાલ આશારામ કારકુન.
૧ ચુનીલાલ ભાઈચંદ તલાટી.
૧ વ્યાસ રામચંદ્ર આશારામ.
૧ ડુંગરારામ અંબારામ ટેઝરર.
૧ ચુનીલાલ ભુરાભાઈ.
૧ જેચંદ હિરાલાલ.
૧ છોટાલાલ હરીવલ્લભ.
૧ ચંદુલાલ રણછોડદાસ.
૧ ચુનીલાલ મનસુખરામ દેસાઈ.
૧ હરીલાલ મોહનલાલ મેહેતા.
૧ નારણલાલ કુંવરજી તલાટી.
૧ વ્યાસ નાથજી રેવાશંકર.
૫ વ્યાસ ચીમનલાલ હરજીવન.
૧ પરીખ છગનલાલ બેચરભાઈ.
૧ પંડ્યા ચુનીલાલ મંગારામ.
૧ ઈશ્વરલાલ મનસુખરામ.
૧ છગનલાલ.
૧ વ્યાસ ભવાનીશંકર હરજીવન.
૧ પારેખ મણીલાલ જગજીવનદાસ.
૧ મણીલાલ હરજીવન.
૧ ગોકળદાસ ગોવિંદદાસ.
૧ ત્રીકમલાલ દ્વારકાંદાસ.
૧ રણછોડદાસ પીતાંબર.
૧ છગનલાલ ગુલાબદાસ.
૧ ત્રીકમલાલ દ્વારકાંદાસ.
૧ વીઠોબા મોરેશ્વર.
૧ કામેશ્વર દામોદરદાસ.
૧ મોતીલાલ દાદાભાઈ.
૧ દ્વારકાંદાસ મોતીલાલ.
૧ મણીશંકર ઉમીયાશંકર.
૧ ગીરજાશંકર સેવકરામ.

જાહેર ખબર.

આ ચોપડી નીચે ઠેકાણેથી રોકડી કિંમતે મળશે.

અમદાવાદ—કનો પાસેથી અગર ભાઈ હરિલાલ મગનલાલ [illegible] કે. સારંગપુર તળીઆની પોળ.

ગોધરા—[illegible] કચેરીમાં [illegible] ભાઈ [illegible] [illegible] મારફત રા. મિત્ર સુંદરશંકર [illegible] પાસેથી.

[illegible] જીલ્લે [illegible]—મહેતાજી હરીનારાયણ [illegible] પાસેથી.

સિદ્ધપુર—[illegible] મિત્ર મગનલાલ [illegible] પાસેથી. ઠેકાણું [illegible].

[illegible] [illegible] [illegible] કરનારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

લી.

[illegible].

જાહેર ખબર.

[illegible] [illegible] [illegible] [illegible] મારી વિનતિ છે કે [illegible].

લી.

ભટ. પ્રાણલાલ સુંદરરામ.

અમદાવાદ.

સારંગપુર, [illegible] પોળ.
